# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-06-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરથ નથવાણી** વાંચે છે.

---

## સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ

ઓપરેશન સિંદૂરને પગલે આતંકવાદ સામે ભારતના દૃઢ વલણને દર્શાવવા સાંસદોના સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો વિવિધ દેશોમાં છે. શશી થરૂરના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ આજે બ્રાઝિલની સત્તાવાર મુલાકાત માટે બ્રાઝિલિયા પહોંચ્યું છે. આ પ્રસંગે શ્રી થરૂરે કહ્યું કે, તેઓ બ્રાઝિલમાં મજબૂત રચનાત્મક ચર્ચાઓ કરવા માટે આતુર છે. મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળ બ્રાઝિલના વરિષ્ઠ નેતાઓ અને સંસદસભ્યો સાથે વાતચીત કરશે.

શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ લાઇબેરિયામાં છે. માધ્યમો સાથે વાત કરતા શ્રી શિંદેએ જણાવ્યું કે, ભારત અને લાઇબેરિયા વચ્ચે સારા દ્વિપક્ષીય સંબંધ છે અને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, લાઇબેરિયા આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના ભારતના સંદેશની પ્રશંસા કરશે. JDU સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વવાળું પ્રતિનિધિમંડળ આજે મલેશિયાના કુઆલાલંપુર પહોંચ્યું છે. આ પ્રતિનિધિમંડળ મલેશિયાના મંત્રીઓ, સંસદસભ્યો, શિક્ષણવિદો, મીડિયા અને ભારતીય સમુદાય સાથે મુલાકાત કરશે.

-------------------------------------------------------------------------------

## મોકડ્રીલ

કેન્દ્રીય ગૃહ મંત્રાલય એ દેશના તમામ રાજ્યોને નાગરિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે જાહેર કરેલા મહત્વપૂર્ણ નિર્દેશ અનુસાર કચ્છમાં સુરક્ષા એજન્સીઓ તથા જિલ્લા વહીવટીતંત્ર સાથે સુચારુ સંકલનથી સુરક્ષા - બચાવની કામગીરી માટે ' ઓપરેશન શિલ્ડ ' અનુસાર મોકડ્રીલ યોજાઈ હતી.

કોઈપણ પ્રકારના હવાઈ હુમલાની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત રાખવા અને અસરકારક નાગરિક સંરક્ષણ સુનિશ્ચિત કરવાના હેતુથી 'એર રેઇડ સાયરન' સંબંધિત મોકડ્રિલનું ગઈકાલે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે આયોજન કરાયું હતું. આ સાથે જ મોકડ્રિલ અંતર્ગત જ આર્મી/હોમગાર્ડ બોર્ડર કોન્વોયને સલામત રીતે ટ્રાફિક મેનેજ કરીને પસાર કરવાની એક્સરસાઇઝ હેઠળ રૂદ્રમાતા બ્રીજ ખાતે પણ મોકડ્રીલનું આયોજન કરાયું હતું.

મોકડ્રિલ બાદ સ્મૃતિવન ખાતે યોજાયેલ ડી-બ્રિફિંગમાં નાગરિક સંરક્ષણ દ્વારા લોકોને સ્વબચાવની જાણકારી આપવામાં આવી હતી. સિવિલ ડિફેન્સના કંટ્રોલર અને કલેક્ટર આનંદ પટેલે મોકડ્રિલને સફળ ગણાવી સરકારની અદ્યતન માર્ગદર્શિકા પ્રમાણે કામ કરવા અનુરોધ કર્યો હતો.

બાઈટ..કલેકટર આનંદ પટેલ

--------------------------------------------------------------------------------

## રેશન કાર્ડ E-KYC

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો 2013 હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે મળતા અનાજનો જથ્થો મેળવી શકે તે માટે ઈ કેવાયસી શરૂ કરવામાં આવેલ છે જે અંતર્ગત કચ્છ જિલ્લામાં 82% થી વધુ લાભાર્થીઓએ પોતાનું ઈ કેવાયસી પૂર્ણ કર્યું છે. ઇ કેવાયસી બાકી હોય તો તે ત્વરિત કરાવી લેવા અને મે તથા જૂન માસનું અનાજ પાંચ જૂન સુધી નજીકની વ્યાજબી ભાવની દુકાનેથી મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી અર્શી હાશ્મીની એક યાદીમાં જણાવાયું છે.

--------------------------------------------------------------------------------

## ઉનાળુ વેકેશન

ઉનાળુ વેકેશન પૂર્ણ થવાની સાથે આગામી ૯ મી જુનથી જિલ્લાની શાળાઓ ખુલી જશે. આ સાથે શાળા પ્રવેશોત્સવ પણ યોજાશે. આ માટે શિક્ષણ તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

## IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે બીજી ક્વોલીફાયર મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. મેચમાં વિજેતા ટીમ મંગળવારે આ જ મેદાન પર IPL ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે.

---------------------------------------------------------------------------------------

## વરસાદ

રાજ્યમાં આગામી સાત દિવસ અનેક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વિભાગના જણાવ્યા મુજબ, દક્ષિણ–ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

---------------------------------------------------------------------------------------